# શિક્ષકે શીખવતા શીખવતા શીખવું પણ જોઇએ

બંધિયાર પાણી ગંધાય તે યુક્તિ મુજબ વ્યક્તિએ પણ સતત વહેતુ રહેવાના પ્રયત્નો કરવા જોઇએ. આ વહેણ એટલે જ લક્ષ્યને પ્રાપ્ત કરવા તરફની દોટ. તેમાં પણ જેની પર નવી પેઢીનો આધાર છે, જેની પર સમાજે અનન્ય વિશ્વાસ મૂકેલો છે તેવા શિક્ષકે તો પોતાના વિકાસ થકી બાળકોનો વિકાસ કરવાનો છે, ત્યારે તે બંધિયાર પાણીની જેમ સ્થગિત થઇ જાય તે કેમ ચાલે? આ માટે શિક્ષકે સતત શીખતા રહેવું જોઇએ અને તે માટે સતત સુધરતા પણ રહેવું જોઇએ.

શીખવાની કોઇ ઉંમર હોતી નથી. મારા એક પરિચિતે તેમની ૬૭ વર્ષની ઉંમરે એલ.એલ.એમ.ની ડિગ્રી હાંસલ કરી હતી. તે કોઇ વ્યવસાય કરવા માટે નહીં પણ નિજાનંદ માટે હતી. પણ તમે જે વ્યવસાયમાં છો, તેમાં વધારે કુશળતા કે કૂનેહ પ્રાપ્ત કરવા અને પોતાની ફરજ ઉત્તમ રીતે બજાવવા સતત શીખતા રહેવું જ પડે. વર્ગખંડમાં શિક્ષક કોઇ એક વિષય શીખવતો હોય છે, પણ વિદ્યાર્થીઓ તો એક કરતાં વધુ વિષય શીખતા હોય છે. ત્યારે કોઇ શિક્ષક એમ કહે કે મને તો મારા વિષયનું જ જ્ઞાન છે, તે ન ચાલે. કારણ કે તેણે પોતાના વિષયને શીખવતી વખતે અન્ય વિષયનો અનુબંધ સાધવો જોઇએ. અનુબંધ સાધવાથી વિચાર્થી સરળતાથી સમજી શકે છે અને તેને શીખવામાં રસ પણ પડે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકસને કારણે શૈક્ષણિક સાધનોમાં પણ પરિવર્તન આવે છે. આવા શૈક્ષણિક સાધનો વિશેની માહિતી શિક્ષકે એકઠી કરીને તે સાધનોનો ઉપયોગ કરતાં શીખી લેવું જોઇએ. આમ કરતાં તે પોતાના વિષયને વધુ રસપૂર્વક અને સરળતાથી શીખવી શકશે.

એક બાબત ખાસ યાદ રાખવા જેવી છે કે, કોઇપણ વ્યક્તિ બીજા પાસેથી ઓછું શીખે છે, પણ આપમેળે વધુ શીખે છે. બીજાએ શીખવેલું ઝડપથી ભૂલી જવાશે પણ પોતાની જાતે શીખેલું લાંબો સમય યાદ રહેશે. દરેક શિક્ષકે પોતાના માટે એક વિધાનનું વારંવાર રટણ કરવું જોઇએ. “હું શીખવતા શીખવતા શીખું છું, મને બીજાએ શીખવાડેલું હું ભૂલી ગયો છું, એટલું જ યાદ છે જે હું શીખ્યો છું.” આ રીતે જોતાં શિક્ષકે પોતાના કામમાંથી જ પ્રેરણા લઇને જાતે જ સતત શીખતા રહેવું જોઇએ. શિક્ષકે વિદ્યાર્થીઓને નવી દુનિયામાં લઇ જવાના છે, ત્યારે તેણે પણ નવી દુનિયાનું જ્ઞાન અને અનુભવ પ્રાપ્ત કરવા જોઇએ. આ માટે વધુ વાંચન અને વધુ ટેકનોલોજીનો ઉપયોગ મદદરૂપ થઇ પડશે. શિક્ષકે આંખ અને કાન ખુલ્લા રાખીને વધુમાં વધુ જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરવો જોઇએ. ટી.વી., કમ્પ્યૂટર અને ઇન્ટરનેટ દ્વારા શિક્ષકે સતત માહિતીસભર રહેવું જોઇએ. જો કૂવામાં હશે તો હવાડામાં આવશે તે ઉક્તિ મુજબ શિક્ષકે જ્ઞાનરૂપી દરિયાને પોતાનામાં સતત ઠાલવવાનો છે, તો જ વિદ્યાર્થીને કશુંક નવું આપી શકશે.જે શિક્ષક એમ માનતો હોય કે મને તો બધું જ આવડે છે કે હું તો મારા વિષયમાં પારંગત છું. તો તે શિક્ષક ખોટો છે. દરેક શિક્ષકે ખાસ એ બાબત યાદ રાખવાની ચે કે, તમને તો માત્ર તમારા વિષયનું જ જ્ઞાન છે, જ્યારે તમારા વિદ્યાર્થીને તો એક કરતાં વધું ઘણાં વિષયનું જ્ઞાન છે તો વધારે જ્ઞાની કોણ ? આજે વર્ગખંડમાં આવતો વિદ્યાર્થી બહારની દુનિયામાંથી જેટલું લઇને આવે છે, તેના કરતાં શિક્ષક અડધું પણ લઇને નથી આવતો. ક્યારેક તો શિક્ષક જે લઇને આવે છે તે વિદ્યાર્થીઓ માટે વાસી બની ગયેલું હોય છે. શિક્ષક વિદ્યાર્થીને મોટાભાગે એમ કહેતો હોય છે કે, ઘેર જઇને દરરોજ બે-ત્રણ કલાકની નિયમિત મહેનત કરો. ત્યારે પ્રશ્ન થાય કે જો વિદ્યાર્થીએ મહેનત કરવાની હોય તો શિક્ષકે કશુંજ નહીં કરવાનું. હકીકતમાં શિક્ષકે વિદ્યાર્થી કરતાં વધુ મહેનત કરવી જોઇએ. તો જ તે વિચર્થી કરતાં આગળ રહી શકશે. જો વિદ્યાર્થીએ બે કલાક

મહેનત કરવાની હોય તો શિક્ષકે ત્રણ કલાક મહેનત કરવી જોઇએ. આજના વિદ્યાર્થીને ગઇકાલનું ગંધાઇ ગયેલું વાસી ભાવતું નથી. તેને દરરોજ નવુંનવું જોઇએ છે. આ નવુંનવું આપવા માટે શિક્ષકે સતત શીખતા રહેવું જ પડે. નહીં તો આજનો વિદ્યાર્થી માનશે કે આ શિક્ષકને તો કશું આવડતું નથી અને આવતી કાલનો વિદ્યાર્થી તો શિક્ષકની સામે જ કહેશે કે, સાહેબ કશુંક નવું શીખીને લઇને આવો, અમને તો આ આવડે છે. વિદ્યાર્થીઓ આવું કહે તે પહેલાં શિક્ષકોએ ચેતી જવાની જરૂર છે.
આજના વિદ્યર્થીને સાંભળવા કરતાં જોવામાં અને કરવામાં વધુ રસ છે. મનોવિજ્ઞાન પણ એજ બાબત પર ભાર મૂકે ચે, કે સાંભળ્યા કરતાં જોવાથી વધુ શીખાશે અને જોવા કરતાં કરીને વધુ શીખાય છે. જેથી શિક્ષકે વર્ગખંડમાં શીખવવાની પદ્ધતિમાં પણ પરિવર્તન લાવવાની જરૂર છે. શિક્ષકે વિદ્યાર્થીને શ્રોતા બનાવ્યા કરતાં દર્શક બનાવવાની જરૂર છે અને જે શિક્ષક વિચાર્થીને કર્તા બનાવે તે ઉત્તમ શિક્ષક કહી શકાય. આ માટે શિક્ષકે નવું નવું શીખવું પડશે. પાઠયપુસ્તકમાં આપેલ માહિતી જ જો વિદ્યાર્થીને આપવાની હોય તો તે કામ વિદ્યાર્થી પોતાની જાતે ઘેર બેસીને ક્યાં નથી કરી શકતો? શિક્ષકે પાઠયપુસ્તકનો આધાર લઇને વિચર્થીને માહિતીની સાથે કૌશલવાન બનાવવાનો છે. તેને સાચા અર્થમાં વિચારવંત વ્યક્તિ બનાવવાનો છે. શિક્ષકના શીખવાડયા પછી, જો વિચર્થીના મનમાં પ્રશ્નો ઊભા ન થાય તો સમજી લેવાનું કે, શિક્ષકે બરાબર શીખવાડયું નથી કે પછી વિદ્યાર્થી બરાબર સમજ્યો નથી. પ્રશ્નો એ તો પ્રગતિની નિશાની છે. વિચર્થીના મનમાં વિવેચનાત્મક અને તાર્કિક પ્રશ્નો ઊભા થવા જોઇએ અને તે પ્રશ્નોના જવાબ આપવા માટે શિક્ષક સક્ષમ હોવો જોઇએ. આમ તો ઘણી શાળામાં ઘણાં શિક્ષકો સતત મહેનતુ હોય છે. જે સતત નવું શીખતા હોય છે. જેમાંથી પ્રેરણા લઇને અન્ય શિક્ષકો શીખવાનો પ્રયત્ન પણ કરતા હોય છે. તો કેટલાક શિક્ષકો પોતાની જાતને દેડકો બનાવીને કૂવામાં જ પડી રહેવામાં માનતા હોય છે. આવા શિક્ષકો ઝડપથી પોતાની જાત અને વિચારસરણીમાં પરિવર્તન લાવીને અન્ય શિક્ષકો માટે પણ પ્રેરણાનો સ્રોત બને તેવી અપેક્ષા સહ.....

**dr.ashokpatel@in.com**